ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૭૪/૨૩–૨૪/ ૧૯૫ તારીખ : 05 MAR 2024

**આર.પી.એ.ડી.**

કેસ નં.૭૪/૨૩–૨૪

પ્રતિ,
**રામદેવ કોટન એન્ડ ઓઈલ મીલ,**
તળાજા મહુવા હાઈવે રોડ,
મું.સાંખડાસર–૨, તા.તળાજા
જી.ભાવનગર–૩૬૪૧૪૦.

મો.નં– ૯૬૨૬૪ ૬૩૮૮૫

**વિષય : બંધ મીલનું ફોલ્ટી મીટરનું બીલીંગ આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૯/૦૧/૨૦૨૪ જે અત્રેની કચેરીને મળ્યા તા.૧૯/૦૧/૨૦૨૪.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૪/૨૩–૨૪/૬૪ તા.૨૦/૦૧/૨૦૨૪.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૪/૨૩–૨૪/૮૮ તા.૦૩/૦૨/૨૦૨૪.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૯/૦૨/૨૦૨૪** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, પાલીતાણા.

***.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.***

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **પેટા વિભાગીય કચેરી–૧, તળાજા.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૭૪/૨૩–૨૪** ☜

**વાદી :– રામદેવ કોટન એન્ડ ઓઈલ મીલ**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૯/૦૨/૨૦૨૪** ◈

**હાજર રહયા :– શ્રી ભાદરકા દેહુરભાઈ દેવાયતભાઈ (વાદી ના અધિકૃત પ્રતિનિધિ)**
પ્રતિવાદી :– **શ્રી એમ.એમ.સૈયદ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

રામદેવ કોટન એન્ડ ઓઈલ મીલ, મું.સાંખડાસર–૨, તા.તળાજા, જી.ભાવનગરની બંધ મીલનું ફોલ્ટી મીટરનું બીલીંગ આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૭૪/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૭૪/૨૩–૨૪/૬૪ તા.૨૦/૦૧/૨૦૨૪ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૯/૦૨/૨૦૨૪** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી રામદેવ કોટન એન્ડ ઓઈલ મીલ વતી તેમના **અધિકૃત પ્રતિનિધિ શ્રી** ભાદરકા દેહુરભાઈ દેવાયતભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.એમ.સૈયદ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

**૧.૧** જય ભારત સાથ આપ સાહેબશ્રીને ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, અમારૂં મીટર કોઈ ટેકનીકલ ખામીના કારણે બંધ થઈ ગયુ હતું. તેની જાણ અમે ડી.ઈ સાહેબશ્રીને તા.૧૯/૦૮/૨૦૨૩ ના રોજ અરજી કરીને કરેલ છે. જેનો ઈન્વર્ડ નં–૭૭૫ તા.૧૯/૦૮/૨૦૨૩ છે. જયારે મીટર બંધ થયું ત્યારે અમારૂં જીનીગમાં ઓફ સીઝનના કારણે બંધ હતું. અને અમને બંધ જીનીગમાં ચાલુ જીનીગમાં જે બીલ આવતું તે બીલ આપેલ છે. અમારા મીટરની લેબ પણ થઈ ગયેલ છે. તેમાં પણ ટેકનીકલ ખામીનો રીપોર્ટ આવેલ છે. અમને ત્રણ બીલ ફોલ્ટીના આપેલ છે. (ઓગષ્ટ–૨૩, સપ્ટે–૨૩, ઓકટો–૨૩) આ ત્રણેય મહીનામાં અમને ફોલ્ટીના બીલ આપેલ છે. અને અમારૂં મીટર બંધ થયુ ત્યારે અમે અરજી કરી પણ ત્યારે મીટર બદલવા ના આવ્યા અને અમે બીજી અરજી જીનીંગ ચાલુ કરવાની કરી ત્યારે બીજા જ દિવસે મીટર બદલી ગયા આથી આપ સાહેબશ્રીને નમ્ર અરજ છે કે અમારા ફોલ્ટી બીલ માં જે સુધારા વધારા થાય તે રકમ ભરવા અમે સહમત છીએ.

Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

**ગ્રાહકનું નામ – શ્રી રામદેવ કોટન એન્ડ ઓઈલ મીલ**

ગ્રાહક નં– ૩૭૫૮૩/૬૧૦૪૪/૩

ટેરીફ – LTMD, લોડ – ૯૩ કિ.વો

સદર ગ્રાહકને તા.૧૭/૦૮/૨૦૨૩ ના રોજ માહે ઓગષ્ટ–૨૩ બિલ્ડ ઈન સપ્ટેમ્બર–૨૩ ના રીડીંગ માટે મીટર રીડર જતા, મીટર ડિસ્પ્લે બંધ હોવાથી કંપનીના નિયમાનુસાર સપ્લાય કોડ–૨૦૧૫ ના કલોઝ નં–૬.૫૮ મુજબ તેઓના બીલમાં નોંધાયેલ સરેરાશ વપરાશ ૭૨૫૦ યુનીટ મુજબ F સ્ટેટસ સાથેનું બીલ આપેલ. તેમજ માહે સપ્ટેમ્બર–૨૩ બિલ્ડ ઈન ઓકટોબર–૨૩ અને ઓકટોબર–૨૩ બિલ્ડ ઈન નવેમ્બર–૨૩ માં પણ મીટર ડિસ્પ્લે બંધ હોવાથી કંપનીના નિયમાનુસાર તેઓના બીલમાં નોંધાયેલ સરેરાશ વપરાશ ૭૨૫૦ યુનીટ મુજબ F સ્ટેટસ સાથેનું બીલ આપેલ.

ત્યારબાદ, ગ્રાહક દ્વારા તળાજા–૧ પેટા વિભાગીય કચેરી ખાતે આપવામાં આવેલ વીજ મીટર બંધ હોવાની અરજી ઈન્વર્ડ નં–૭૭૫ તા.૧૯/૦૮/૨૦૨૩ અન્વયે પ્રફોર્મા–૧૫ નં–૨૮૦૮૦ તા.૨૮/૧૦/૨૦૨૩ થી મીટર બદલવામાં આવેલ.

મીટરના લેબ પરીક્ષણ માટે તળાજા–૧ પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૨૮/૧૧/૨૦૨૩ ના રોજ ગ્રાહકશ્રીને રૂબરૂ નોટીસ પાઠવી જાણ કરવામાં આવેલ કે તા.૧૪/૧૨/૨૦૨૩ ના રોજ અમરેલી–૧ વિભાગીય કચેરી લેબોરેટરી ખાતે હાજર રહેવા જાણ કરવામાં આવેલ.

તા.૧૪/૧૨/૨૦૨૩ ના રોજ અમરેલી–૧, વિભાગીય કચેરી લેબોરેટરી ખાતે તળાજા–૧ પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેર અને ગ્રાહકના પ્રતિનિધિ શ્રી શકિતભાઈ જોરસંગભાઈ ચાવડાની હાજરીમાં વીજ મીટરની ચકાસણી બાદ સદર મીટર ફોલ્ટી જાહેર થયેલ.

તા.૦૯/૧૧/૨૦૨૩ ના રોજ મીટર રીડર દ્વારા માહે નવેમ્બર–૨૩ બિલ્ડ ઈન ડિસેમ્બર–૨૩ રીડીંગ માટે જતા સ્થળ પર મીટર બદલાયેલ હોઈ, આથી બીલમાં નોંધાયેલ સરેરાશ વપરાશ ૭૨૫૦ કરતા કુલ વપરાશ યુનીટ ઓછા હોવાથી સરેરાશ વપરાશ ૭૨૫૦ મુજબ C સ્ટેટસ સાથેનું બીલ આપેલ. જેમાં નોંધનીય છે કે, નવું મીટર ૭ રીડીંગ થી મૂકેલ, જે ૨૧૬૩ તા.૨૦/૧૨/૨૦૨૩ ના રોજ રીડીંગ સીરીઝ સુધી પહોંચેલ હોઈ, આથી કંપનીના નિયમાનુસાર ૭૨૫૦ યુનીટનું બીલ આપેલ. જે નીચેની વિગતે જોઈ શકાય છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

| માસ | રીડીંગ તારીખ | હાલનું રીડીંગ | પાછલું રીડીંગ | વપરાશ | સ્ટેટસ |
|---|---|---|---|---|---|
| મે–૨૩ | ૨૦/૦૫/૨૦૨૩ | ૫૩૧૦૪ | ૪૨૦૮૦ | ૧૧૦૨૪ | |
| જુન–૨૩ | ૧૯/૦૬/૨૦૨૩ | ૬૦૭૬૦ | ૫૩૧૦૪ | ૭૬૫૬ | |
| જુલાઈ–૨૩ | ૧૫/૦૭/૨૦૨૩ | ૬૩૮૧૫ | ૬૦૭૬૦ | ૩૦૫૫ | |
| કુલ વપરાશ સરેરાશ માટે ૧૪૫ પીઆરટી મુજબ | | | | ૨૧૭૩૫ | |
| સરેરાશ વપરાશ ૨૧૭૩૫/૩(બીલીંગ)= ૭૨૪૫ | | | | ૭૨૫૦ | |
| ઓગષ્ટ–૨૩ | ૧૭/૦૮/૨૦૨૩ | ૬૩૮૧૫ | ૬૩૮૧૫ | ૭૨૫૦ | F |
| સપ્ટેમ્બર–૨૩ | ૨૦/૦૯/૨૦૨૩ | ૬૩૮૧૫ | ૬૩૮૧૫ | ૭૨૫૦ | F |
| ઓક્ટોબર–૨૩ | ૧૬/૧૦/૨૦૨૩ | ૬૩૮૧૫ | ૬૩૮૧૫ | ૭૨૫૦ | F |
| નવેમ્બર–૨૩ | ૦૯/૧૧/૨૦૨૩ | ૨૧૬૩ | ૭ | ૭૨૫૦ | C |

આમ, સદર વીજ મીટરના બીલીંગમાં કંપનીના નિયમોનુસાર અત્રેના તાબા હેઠળના તળાજા–૧ પેટા વિભાગીય કચેરીએથી કાર્યવાહી કરેલ છે. જેમાં, લેબ પરીક્ષણ રીપોર્ટ, એમ.આર.આઈ રીપોર્ટ અને કંપનીના પ્રવર્તમાન સપ્લાય કોડના કલોઝ નં–૬.૫૮ મુજબ નિયમાનુસાર બીલમાં નોંધાયેલ સરેરાશ વપરાશ મુજબ F સ્ટેટસ સાથેનું બીલ આપેલ જે યથાયોગ્ય અને બરાબર છે. જેથી, ગ્રાહક દ્વારા કરવામાં આવેલ ઈન્વર્ડ નં–૧૧૨૯ તા.૧૮/૧૨/૨૦૨૩ ના રોજની અરજી મુજબ ગ્રાહકને રકમ જમા આપવાપાત્ર નથી.

જે આપ સાહેબની જાણ સારૂં તથા આગળની યોગ્ય કાર્યવાહી સારૂં.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર મે.રામદેવ કોટન એન્ડ ઓઈલ મીલ પ્રા.લી, ગ્રા.નં–૩૭૫૮૩/૬૧૦૪૪/૩ થી ૯૩ કિ.વો.નું એલટીએમડી કનેકશન ગામ–સાંખડાસર–૨, ખાતે ધરાવે છે. તેમજ પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા તેમને આપવામાં આવેલ ઓગષ્ટ–૨૩, સપ્ટે–૨૩, ઓકટો–૨૩ તેમજ નવે–૨૩ ના ફોલ્ટી સ્ટેટસના બીલો સામે તકરાર થતા ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજી અંગે આજરોજ તા.૧૯/૦૨/૨૦૨૪ ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ છે. જેમાં, બંને પક્ષકારો એ હાજર રહી પોતાની રજૂઆતો કરેલ છે.

૩.૩ પ્રસ્તુત કેસની વિગત મુજબ સીઝનલ પ્રકારનું વીજ જોડાણ ધરાવે છે. જેમાં, તા.૧૭/૦૮/૨૦૨૩ ના રોજ મીટર રીડર દ્વારા ડિસ્પ્લે બંધ હોવાનું જણાતા, વાદી દ્વારા તેમનું મીટર બંધ હોવાનું જણાતા તા.૧૯/૦૮/૨૦૨૩ ના રોજ પ્રતિવાદીની કચેરીએ અરજી આપતા તેમનું મીટર પ્રતિવાદી દ્વારા તા.૨૮/૧૦/૨૦૨૩ ના રોજ બદલી આપી તા.૧૪/૧૨/૨૦૨૩ ના રોજ લેબ પરીક્ષણ વાદીની હાજરીમાં કરીને મીટરને ફોલ્ટી જાહેર કરેલ.

Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૪ ઉપરોક્ત સંજોગોમાં પ્રતિવાદીના મીટર રીડર દ્વારા સદરહુ સમયગાળાના એટલે કે ઓગષ્ટ–૨૩, સપ્ટે–૨૩ અને ઓકટો–૨૩ ના ૭૨૫૦ યુનીટના F સ્ટેટસ ના બીલો જીઈઆરસી ના સપલાય કોડ ના કલોઝ નં–૬.૫૮ મુજબ આપવામાં આવેલ. જયારે, તા.૧૯/૧૧/૨૦૨૩ ના રોજ મીટર રીડરને મીટર ચેન્જ જણાતા મીટરના યુનીટ (૭ થી ૨૧૬૩) ધ્યાને લઈ ૨૧૫૬ યુનીટનો વપરાશ જણાતા નવે–૨૩ નું બીલ પણ ૭૨૫૦ યુનીટનું આપવામાં આવેલ.

૩.૫ આ તબકકે ફોરમ દ્વારા ગ્રાહકના ખરેખર વપરાશ ની પેટર્ન જાણવા છેલ્લા ૧૦ વર્ષના જે તે સમયગાળા એટલે કે ઓગષ્ટ થી નવેમ્બર માસ દરમ્યાન વપરાશની વિગત રજૂ કરવા જણાવવામાં આવેલ. જે પ્રતિવાદીએ રજૂ કરેલ છે, જે નીચે મુજબ છે.

| Month | Aug. | Sept. | Oct.. | Avg. Unit. |
|---|---|---|---|---|
| 2012 | 0 | 5521 | 694 | 2071.67 |
| 2013 | 0 | 0 | 610 | 203.33 |
| 2014 | 0 | 108 | 0 | 36.00 |
| 2015 | 0 | 0 | 44 | 14.67 |
| 2016 | 0 | 0 | 0 | 0 |
| 2017 | 140 | 300 | 250 | 230 |
| 2018 | 280 | 230 | 150 | 220 |
| 2019 | 50 | 200 | 740 | 330 |
| 2020 | 2480 | 1530 | 1500 | 1836.67 |
| 2021 | 400 | 1193 | 800 | 797.67 |
| 2022 | 1700 | 1700 | 167 | 1189 |
| 2023 | 7250 | 7250 | 7250 | 7250 |

૩.૬ રજૂ થયેલ રેકર્ડ, વાદીની બીલીગ હીસ્ટ્રી, રજૂઆતોને ધ્યાને લેતાં, ફોરમ એવા નિષ્કર્ષ પર પહોંચે છે કે,

(૧) વાદીને આપવામાં આવેલ ઓગષ્ટ–૨૩ તેમજ સપ્ટે–૨૩ નું બીલ વાદીના અગાઉના વર્ષના રેકર્ડને ધ્યાને લેતા જે –તે સમયે વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૧ ની એવરેજ ધ્યાને લેતા ઓગ-૨૩, સપ્ટે.-૨૩ અને ઓકટો.-૨૩ માં ૧૩૦૦ યુનીટનું બીલ બનવા પાત્ર છે.,

(૨) વાદીના નવા મીટર લગાવ્યા તા.૨૮/૧૦/૨૦૨૩ થી બીલીંગ તા.૦૯/૧૧/૨૩ ના દરમ્યાન ૨૧૬૩–૭ =૨૧૫૬ યુનીટનો વપરાશ નોંધાયેલ છે. એટલે કે, પ્રતિદિન ૧૭૯.૬૬ યુનીટનો વપરાશ થાય. જેને

Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

ધ્યાને લઈ ૨૪ દિવસનું ૨૪ X ૧૭૯.૬૬ = ૪૩૧૨ યુનીટનું બનવું જોઈએ. જયારે કે પ્રતિવાદીએ તે સમયનું એટલે કે નવે-૨૩ માં પણ ૭૨૫૦ યુનીટનું F નું બીલ આપેલ છે. આમ, તે બીલ સુધારવા પાત્ર અને ૪૩૧૨ યુનીટ નું આપવાપાત્ર છે.

(૩) આ તબકકે વાદીનો બીલીંગ હીસ્ટ્રી જોતા જણાય છે કે, વર્ષ–૨૦૨૨ માં પણ તા.૧૧/૧૦/૨૦૨૨ ના રોજ વાદીનું મીટર બદલવામાં આવેલ અને તા.૦૧/૧૧/૨૦૨૨ ના રોજ ના બીલીંગમાં ૧૬૭ યુનીટનો વપરાશનું બીલી આપવામાં આવેલ. પરંતુ, તા.૨૨/૦૯/૨૦૨૨ થી તા.૧૦/૧૦/૨૦૨૨ સુધીના સમયગાળાનું બંધ મીટરનું એવરેજ બીલ ગણતરીમાં લીધેલ નથી. તો, તા.૨૨/૦૯/૨૦૨૨ થી તા.૦૧/૧૧/૨૦૨૨ ના સમયગાળા માટેનું રીવાઈઝડ બીલ ઈસ્યુ કરવું. તેમજ તા.૨૫/૦૮/૨૦૨૨ થી તા.૨૨/૦૯/૨૦૨૨ સુધીના સમયનું N સ્ટેટસનું બીલ આપેલ છે તે પણ રીવાઈઝડ કરીને F સ્ટેટસ મુજબનું બીલ આપવું.

૩.૭ આથી તમામ રેકર્ડ, રજુઆતો ને ઘ્યાને લઈને તારણ નં–૩.૬ મુજબની કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ પ્રતિવાદી પીજીવીસીએલ ને ૩ માસ સુધી વાદીનું મીટર ન બદલી આપવા બદલ સંબંધીત અધિકારી પર પગલા લેવા સુચિત કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ અને ૩.૭ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રી જે.એમ મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(બી.આર.વડાવીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અઘ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**૫.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૧૯/૦૨/૨૦૨૪.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar